# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ ભાજપે નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખોની વરણી કરી
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું- સેમિકંડક્ટર નીતિ લાગુ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય
3) આદિજાતિ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત 14 લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ અપાયો
4) સોનપ્રયાગથી કેદારનાથ ધામને જોડતા 12.9 કિલોમીટર લાંબા રોપવેના વિકાસને મંજૂરી
5) આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધારો થવાની હવામાન વિભાગની આગાહી

............................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NAGARPALIKA HODDEDAR-1

રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જીત મળ્યા બાદ ભાજપે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકામાં પ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ રાણા અને ઉપપ્રમુખ તરીકે રાજુ અલગોતરની વરણી કરાઇ છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં થાનગઢ નગરપાલિકાના સાત વોર્ડની 28 બેઠકોમાંથી ભાજપે 25 બેઠકો ઉપર જીત મેળવીને નગરપાલિકામાં શાસન મેળવ્યું હતું. છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ તરીકે મંજુલાબેન કોલી અને ઉપપ્રમુખ તરીકે પરવેઝ મકરાણીની બિનહરીફ વરણી કરાઈ હતી. તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકાના સારિકાબેન પાટીલની પ્રમુખ તરીકે જ્યારે ઉપપ્રમુખ તરીકે પ્રકાશ ગામીતની નિમણૂક કરાઇ છે. કારોબારી અધ્યક્ષ તરીકે હેતલ મહેતાને જવાબદારી સોંપવામાં આવી છે.

મહેસાણા જિલ્લાની વડનગર નગરપાલિકામાં પ્રમુખ તરીકે મિકીતા શાહ અને ઉપપ્રમુખ તરીકે જયંતિજી ઠાકોરની પસંદગી કરાઇ. મોરબી જિલ્લાની હળવદ નગરપાલિકાના પ્રમુખ પદે ફોરમબેન રાવલ અને ઉપપ્રમુખ પદે સતિષ પટેલની વરણી કરાઇ છે. જ્યારે વાંકાનેર નગરપાલિકાના પ્રમુખ પદે ડિમ્પલ સોલંકી અને ઉપપ્રમુખ પદે હર્ષિત સોમાણીની નિમણૂક કરાઇ હતી. અમરેલી જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં આજે નવા પ્રમુખની વરણી થઇ.

# NAGARPALIKA HODDEDAR-2

જેમાં રાજુલામાં પ્રમુખ તરીકે જ્યોતિ દવે અને ઉપપ્રમુખ તરીકે ઘનશ્યામ વાઘ, ચલાલામાં પ્રમુખ પદે નયનાબેન વાળા અને ઉપપ્રમુખ પદે પ્રવીણ માલવીયા, લાઠી પાલિકા પ્રમુખ પદે દયાબેન જમોડ અને ઉપપ્રમુખ પદે બાબુ ધોળકિયા જ્યારે જાફરાબાદ પાલિકા પ્રમુખ પદે રવિના બારૈયા અને ઉપપ્રમુખ પદે નીરવ ઠાકરની વરણી કરાઇ છે.

# SEMI CONNECT CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સેમિકંડક્ટર નીતિ લાગુ કરનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગાંધીનગરમાં ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ-2025નો પ્રારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે, ગુજરાત સેમિકન્ડક્ટરની વૈશ્વિક માગ-પુરવઠા કડીમાં મહત્વપૂર્ણ ભુમિકા માટે સજ્જ થઈ રહ્યું છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી )

આ પરિષદની શરૂઆતમાં 8 સમજૂતી કરાર, સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન કોમ્પેડીયમનું વિમોચન તેમજ ધોલેરા ખાતે નિર્માણ થનારી હોસ્પિટલ, ઇન્ટરનેશનલ સ્કૂલ અને ફાયર સ્ટેશનના ઈ-ખાતમુહૂર્ત પણ કરાયા હતા. આ ત્રિ-દિવસીય પરિષદમાં દેશ-વિદેશના દોઢ હજારથી વધુ પ્રતિનિધિઓ સહભાગી થશે.

# VIDHANSABHA

વિધાનસભા ગૃહમાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે રાજ્યમાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 900 જગ્યાઓ પર આચાર્યની ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે. છેલ્લા બે વર્ષમાં 1 હજાર 996 જગ્યાઓ પર આચાર્યની ભરતી કરાઈ છે. પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ 67 લાખ 81 હજાર કરતા વધુના ખર્ચે 1 હજાર 432 પશુપાલકોને લાભ અપાયો છે. ગૃહમાં ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું કે તાપી જિલ્લામાં PM- જનમન યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં 885 આવાસ મંજૂર કરાયા. શ્રી હળપતિએ ઉમેર્યું કે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રાજ્યના 2 લાખ 92 હજાર હેક્ટર વિસ્તારમાં 687 કરોડ 80 લાખ રૂપિયાના 51 પ્રોજેક્ટ હાથ ધરાયા. તો, જુનાગઢ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં આ યોજના હેઠળ 6 કરોડ 37 લાખ રૂપિયાથી વધુના ખર્ચે જળસંગ્રહનાં કામો કરાયાં છે.

# VIDHANSABHA KUBER DINDOR

કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રાજ્યમાં 14 લાખ 4 હજારથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ અપાયો છે. વિધાનસભામાં પ્રશ્નોના જવાબમાં આદિજાતિ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું કે રાજ્યમાં આ યોજના થકી આદિજાતિ ખેડૂતઓની આવકમાં 40થી 60 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. શ્રી ડિંડોરે કહ્યું કે આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને વર્ષ 2022-23માં સુધારેલું મકાઈનું બિયારણ અને શાકભાજીનાં નિયત બિયારણમાંથી કોઈ પણ બિયારણ ઉપરાંત 50 કિલો ડી.એ.પી. તથા 50 કિલો પ્રોમનું ખાતર આપવામાં આવ્યું હતું.

# AUSTRALIA-INDIA SPORTS EXCELLECE

રાજ્યના રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ગુજરાતની રમત ગમત નીતિ શ્રેષ્ઠ નીતિઓમાંની એક છે. ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે ઓસ્ટ્રેલિયા-ભારત સ્પોર્ટ્સ એક્સેલન્સ મંચ દરમિયાન શ્રી સંઘવીએ રાજ્યને રોકાણ માટે શ્રેષ્ઠ ગણાવતા ગુજરાતમાં રોકાણ કરવા આહ્વાન કર્યું હતું.

(બાઇટ: હર્ષ સંઘવી - રમત ગમત મંત્રી)

આ મંચ ઓસ્ટ્રેલિયા અને ગુજરાત સરકારની સંયુક્ત પહેલ છે જેમાં ઓલિમ્પિક અને પેરાલિમ્પિક, ઉચ્ચ રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન, રમતગમત વિકાસ, રમતગમત વિજ્ઞાન અને ટેકનોલોજી અને મુખ્ય કાર્યક્રમોનું આયોજન સહિતના ક્ષેત્રોમાં સહયોગ માટેની તકો શોધાશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Cabinet Brifing

કેન્દ્રીય મંત્રી મંડળે આજે સોનપ્રયાગથી કેદારનાથ ધામને જોડતા 12.9 કિલોમીટર લાંબા રોપવેના વિકાસને મંજૂરી આપી છે.

આ અંગે વધુ માહિતી આપતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ચાર હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ પામનાર આ રોપવેથી મુસાફરીનો સમય 8 થી 9 કલાકથી ઘટીને 36 મિનિટ થઈ જશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટથી દિવ્યાંગો અને વૃદ્ધોને ઘણી મદદ મળશે.

(બાઈટ – અશ્વિની વૈષ્ણવ )

# PM SURAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 7 માર્ચે સુરત જિલ્લાની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, 'સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાન' હેઠળ શ્રી મોદી સુરતના 2 લાખ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભોનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

# MEHSANA CRICKET

મહેસાણા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલાઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. આવતીકાલથી ૮ માર્ચ દરમિયાન યોજાનારી આ ટુર્નામેન્ટમાં બારકોડ સ્કેન કરી ભાગ લઈ શકાશે. જિલ્લા વિકાસ અધિકારી ડો.જાસમીન હસરતે શહેર અને ગ્રામ્ય વિસ્તારની તમામ મહિલાઓને આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.

(બાઈટ: ડો.જાસમીન હસરત, જિલ્લા વિકાસ અધિકારી)

# DANG POSHAN SUDHA YOJANA

ડાંગ જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં પોષણ સુધા યોજનાને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં આવેલ તમામ આંગણવાડી કેન્દ્રો પર સગર્ભા અને ધાત્રી માતાને એક ટંક ભરપેટ ભોજન મળે છે. આહવા, વઘઇ અને સુબીરમાં મળી કુલ- 2861 સગર્ભામાતા અને ધાત્રીમાતાઓ આ યોજનાનો લાભ લઈ રહી છે. આ યોજનાના લાભાર્થી નજમા રાજે જણાવ્યું કે..

(બાઈટ: નજમા રાજ, લાભાર્થી મહિલા)

# WEATHER

આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં થશે ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસમાં વધારો થશે. હવામાન વિભાગના અનુસાર રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં 45 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ પવનની ગતિ 20 થી 25 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે.

છેલ્લા 24 કલાક દરમિયાન અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં આંશિક ઠંડક અનુભવાય હતી. ફક્ત 24 જ કલાકમાં અમદાવાદ શહેરના મહત્તમ તાપમાનમાં 2.3 ડિગ્રી સેલ્સિયસના ઘટાડા સાથે 32.7 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં 17.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.  અચાનક તાપમાનમાં ઘટાડો થયા બાદ ફરીથી તાપમાન વધશે ત્યારે બેવડી ઋતુનો પણ અનુભવ થવાની શક્યતાઓ છે.

# Cricket

આંતરરાષ્ટ્રીય માસ્ટર લિગ ક્રિકેટ મેચમાં આજે વડોદરાના કોટંબી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા માસ્ટર્સ વચ્ચે મુકાબલો થશે. મેચ આજે સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. હાલમાં લોકોને સ્ટેડીયમમમાં પ્રવેશ અપાઈ રહ્યો છે. માસ્ટર બ્લાસ્ટર સચીન તેડુંલકર સહીતના ખેલાડીઓને રમતા જોવા માટે ક્રિકેટ રસિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# SWIMMING COMPETITION

ગાંધીનગર ખાતે 'અખિલ ભારતીય મુલ્કી સેવા તરણ સ્પર્ધા, 2024-25’ આજથી શરૂ થઈ, આજે આ સ્પર્ધાનું સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાણીના હસ્તે ઉદ્ઘાટન કરાયું. 7 માર્ચ સુધી યોજાનારી આ સ્પર્ધામાં 13 રાજ્યો, 12 પ્રાદેશિક રમતગમત બોર્ડ અને 4 કેન્દ્રશાસિત પ્રદેશની 29 ટીમના 409 ખેલાડીઓ તથા અધિકારીઓ સહભાગી થશે.

# PM GARIB KALYAN YOJNA

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 76 લાખથી વધુ કુટુંબોને રાજ્ય સરકાર વિનામૂલ્યે અનાજ પૂરૂં પાડી રહી છે. રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા NFSA હેઠળ 3 કરોડ 72 લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ મળી રહ્યો છે. અંત્યોદય કુટુંબોને વિનામૂલ્યે ખાદ્યાન્ન પૂરૂં પાડવાના ઉદ્દેશથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2020માં આ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી હતી.